NAVSARI AGRICULTURAL UNIVERSITY

| | | |
|---|---|---|
| | સંશોધન નિયામકશ્રીની કચેરી<br>નવસારી કૃષિ યુનિવર્સિટી<br>એરૂ ચાર રસ્તા, નવસારી | 150 YEARS OF CELEBRATING THE MAHATMA |

| | | |
|---|---|---|
| ડૉ. ટી. આર. અહલાવત | ફોન : | ૦૨૬૩૭ ૨૮૩૧૬૦ |
| ઇ.ચા/સંશોધન નિયામક અને | ફેક્સ : | ૦૨૬૩૭ -૨૮૩૪૫૨ |
| અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ | E-mail : | dr@nau.in, nau_dr@yahoo.co.in |


જા.નં.નકૃયુ/સંનિ/ટી-૬/૨૫૮૫ /2023 તા.૨૮/૦૪/૨૦૨૩

પ્રતિ,
સંશોધન વૈજ્ઞાનિક (જુવાર),
જુવાર સંશોધન કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
સુરત

વિષય: પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર – ૨૦૨૩ (RTI) માહિતી તથા એનેક્ષર "એ" અને "બી" ઈન્સપેકશન-કમ-ઓડીટસ કરી મોકલવા બાબત..

સંદર્ભ: આપની કચેરીના પત્રાંક: ૫૧૮/ તા.૨૭/૦૪/૨૦૨૩

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપના દ્વારા મોકલવામાં આવેલ પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર - ૨૦૨૩ (PAD) માં એનેક્ષર ("એ" અને "બી") ઈન્સપેકશન-કમ-ઓડીટ કરી આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે વેબસાઈટ ઉપર આપની કક્ષાયેથી પ્રસિધ્ધ કરવાનું રહેશે.

મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
ન. કૃ. યુ. સુરત-૭
આવક નંબર : ૮૧૭
તારીખ : ૨/૫/૨૩

સામેલ: ઉપર મુજબ

Prof. A.R. Patil
23/5/2023

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

# એનેક્ષર-બી (B)

(સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧.૦૫.૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક: પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪-આરટીઆઇસેલનું બિડાણ)

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે માનનીય સાહેબશ્રી, વડી કચેરી (પ્રોપર) તથા માનનીય સાહેબશ્રી, વહિવટી કાર્યક્ષેત્ર નાં આ સાથેની યાદી મુજબનાં જાહેર સત્તામંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો " પ્રોએકટીવ ડીસ્કલોઝર " (P.A.D.) તૈયાર કરવામા આવી છે. તા. ૧/૫/૨૦૨૩ ની સ્થિતિએ તે **સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી**, સુરત દ્વારા અદ્યતન કરવામાં આવેલ છે. જેનું અમારા દ્વારા માહે : મે / જુન ૨૦૨૩ (વર્ષ) દરમ્યાન ઈન્સપેકશન –કમ – ઓડિટ કરવામાં આવ્યુ છે અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર અપુરતી વિગતો જણાઈ હતી તેની પુર્તતા કરવામાં આવી છે.

(૨) તા. ૩૦/૬/૨૦૨૩ (વર્ષ) ની સ્થિતિએ હવે કોઈ જાહેર સત્તામંડળનાં ( પ્રોએક્ટીવ ડીસ્કલોઝર ) ઈન્સપેકશન –કમ – ઓડિટ બાકી રહેલ નથી.

તારીખ : ૨૯/૦૫/૨૦૨૩
**મુખ્ય મથક: નવસારી**

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

NAVSARI AGRICULTURAL UNIVERSITY
ડૉ. ભરત કે. દાવડા,
સંશોધન વૈજ્ઞાનિક(જુવાર)

Azadi Ka Amrit Mahotsav
ફોન:- ૦૨૬૧-૨૬૬૮૧૩૨
ઇ-મેલ surat@millets.res.in

જા.નં.સં.વૈ.(જુ.)/આરટીઆઇ/પ્રોએકટીવ ડિસ્કલોઝર/૫૧૮/૨૦૨૩ તારીખ : ૨૭/૦૪/૨૦૨૩

પ્રતિ,
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશમખાધ્યક્ષ,
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

વિષય : પ્રોએકટીવ ડિસ્કલોઝર (P.A.D.) - ૨૦૨૩ (RTI) ની માહિતી મોકલવા બાબત...
સંદર્ભ : આપશ્રીની કચેરીના પરિપત્ર ક્રમાંક જા.નં.નકૃયુ/સંનિ/ટી-૬/૨૨૨૦/૨૦૨૩ નવસારી તા. ૧૦/૦૪/૨૦૨૩

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરતની તા.૦૧/૦૫/૨૦૨૩ ની સ્થિતિએ માહિતી અધિકાર અધિનિયમ , ૨૦૦૫ ની કાયદાની કલમ - ૪ (૧) (બ) ની જોગવાઇ મુજબ મુદ્દા નં.૧ થી ૧૭ ની પ્રોએકટીવ ડિસ્કલોઝર (P.A.D.) ની નકલ અને એનેક્ષર-એ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી અને
સંશોધન વૈજ્ઞાનિક(જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
અઠવા ફાર્મ, સુરત.

**સામેલ :**
પ્રોએકટીવ ડીસ્કલોઝર અને એનેક્ષર– એ

**નકલ સવિનય રવાના:**
કુલ સચિવશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.

## મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
## નવસારી કૃષિ યુનિવર્સિટી
## અઠવા ફાર્મ,સુરત-૩૯૫ ૦૦૭

**માહિતીનો અધિકાર અને જાહેર સતામંડળોની જવાબદારીઓ કલમ-૪(૧)ખ (પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર)**

તા. ૦૧/૦૫/૨૦૨૩ ની પરિસ્થિતિએ)

| | | |
|---|---|---|
| ૧. | પોતાના વ્યવસ્થાતંત્ર કાર્યો અને ફરજોની વિગતો | |
| | (૧) | નવસારી કૃષિ યુનિવર્સિટીમાં સમાવેશ સાત જીલ્લાના ખેડુતોની જરૂરીયાત મુજબની જુવારની જુવાર અંગે સંશોધન પ્રવૃતિનું આયોજન4 સંકલન4 મોનીટરીંગ અને અમલીકરણ |
| | (૨) | ગુજરાત રાજ્યમાં આવેલ તમામ જુવાર સંશોધન કેંદ્રોની સંશોધન કામગીરીઓનુ આયોજન4 સંકલન4 માર્ગદર્શન અને મોનીટરીંગ |
| | (3) | રાજ્ય સરકારશ્રી, કેન્દ્ર સરકારશ્રી અને અમુક ખાનગી સંસ્થાઓની જુવાર અંગેની સંશોધન યોજનાઓની દરખાસ્તો તૈયાર કરી યોજનાઓ મંજુર કરાવવાની તમામ પ્રકારની પ્રવૃતિઓ. |
| | (૪) | યુનિટ હેઠળ ચાલતી વિવિધ આઈસીએઆર, પ્લાન, નોન પ્લાન સંશોધન યોજનાઓ તથા તેમાં ફરજ બજાવતા અધીકારી, કર્મચારીઓને વહિવટી, હિસાબી અને તાંત્રિક બાબતોનું માર્ગદર્શન. |
| (૨) | પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો; | |
| | અધિકારીઓની સત્તા અને ફરજો; | |
| | (૧) | અત્રેની કૃષિ યુનિવર્સિટી દ્વારા કાર્યરત જુવાર સંશોધન કેન્દ્રની સંશોધન પ્રવૃતિઓનું આયોજન, સંકલન અને અમલીકરણ. |
| | (૨) | અત્રેના કેન્દ્ર પર જુવાર અંગેના વિવિધ વિષયોના સંશોધન, મૂલ્યાંકન અને રીપોર્ટીંગની કામગીરી |
| | (3) | કૃષિ મહોત્સવ, ખેડુત શીબીર વિગેરેમાં ભાગ લઈ વિસ્તરણ અંગેની કામગીરી |
| | (૪) | વહિવટી તથા હિસાબી અને અન્ય તાંત્રિક કામગીરી |
| | કર્મચારીઓની ફરજો :- | |
| | (૧) | વિવિધ પ્રકારના કર્મચારીઓ દ્વારા યુનિટની તાંત્રિક, વહિવટી તથા હિસાબી કામગીરી |

કર્મચારી/અધિકારીની કામગીરી/ફરજોની વિગત
(ચાલુ વર્ષની વૈજ્ઞાનિક પ્રમાણે અખતરાઓની માહિતી એનેક્ષર-૧ મુજબ છે.)

| બ્રીડીંગ સેકશન -૧ | |
|---|---|
| ડૉ.કે. જી. કણજારીયા<br>મદદ.સંશોધન વૈજ્ઞાનિક<br>(ટેબલ- બી-૧) | પ્લાન્ટ બ્રીડીંગ સેકશન-૧ ના વડા તરીકેની કામગીરી |
| | AICRP on Sorghum યોજનાના બ્રીડીંગ વિભાગના તમામ અખરાઓ તથા તેના રીપોર્ટીંગની કામગીરી અને વોલેન્ટીયર સેન્ટર પર રાષ્ટ્રિય કક્ષાના અખતરાઓનુ આયોજન અને તેના રીપોર્ટીંગની કામગીરી |
| | ઘાસચારાની જુવારના રાજ્ય કક્ષાના અખતરાઓ, તેનુ મોનીટરીંગ, રીપોર્ટીંગ, અખતરાઓ માટેની જાતોનુ બીજ વૃધ્ધીકરણ અને વિતરણની કામગીરી. |
| | ઘાસચારાની જુવાર, હાઇ બાયોમાસ તથા સ્વીટ સોરઘમની જુવારમાં લોકલ જર્મપ્લાઝમ કલેકશન અને ICRISAT તથા IIMR માંથી આવેલ બ્રીડીંગ મટીરીયલ-જર્મપ્લાઝમ વિગેરેનુ પરિક્ષણ, ડોક્યુમેંટેસન અને જાળવણીની કામગીરી |
| | ઘાસચારાની એક વાઢ અને બહુ વાઢ, હાઇ બાયોમાસ તથા સ્વીટ સોરઘમની જાતો વિકસાવવા માટેના કોસની આગળની પેઢીના પરિક્ષણની કામગીરી. |



સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | |
|---|---|
| | અત્રેના કેન્દ્ર દ્વારા બહાર પાડવામાં આવેલી ઘાંસચારાની જુવારની જાતોના ન્યુકલીયસ અને બ્રીડર/ફાઉંડેશન/સર્ટીફાઇડ/ટ્રુથફુલ બીજ ઉત્પાદન તથા જાતોની જાળવણી. |
| | AICRP ના અખતરાઓમાં મોકલવાની જાતોનું બીજ ઉત્પાદન અને તેને લગતી તમામ કામગીરી |
| | એ. બી. અને આર. લાઈનોની જાળવણી અને ઇવેલ્યુએશનની કામગીરી |
| | જુવારની હાઇબ્રીડ ડેવલોપમેન્ટ તથા મ્યુટેશન બ્રીડીંગ અંગેની કામગીરી<br>• એ. બી અને આર લાઇન ઇવેલ્યુએસન અને મેઇટેનન્સ<br>• કેન્દ્રની નવી લાઇનો વિકસાવવાની કામગીરી<br>• નર વંધ્યા જાતો આધારીત ક્રોસીંગ પ્રોગ્રામ હાથ ધરી નવી હાઇબ્રીડ વિકસાવવી અને તેના ઇવેલ્યુએશનની કામગીરી, આ કામગીરીમાં (૧) ડાં.નિરવ રાદડીયા તથા (૨) ડાં. તુષાર ઘેવરીયા અને તેમેની ટીમે મદદ કરવાની રહેશે |
| | દાણાની જુવાર, ઘાસચારાની સીંગલ કટ તથા મલ્ટીકટ જુવાર, શિયાળુ જુવાર અને સ્વીટ સોરઘમની નવી જાતો વિકસાવવા માટે હેન્ડ ઇમસ્ક્યુલેશન દ્વારા કોસીંગ પ્રોગ્રામ હાથ ધરી નવા ક્રોસ બનાવવાની કામગીરી. |
| | પ્લાન્ટ બ્રીડીંગ સેકશન-૧ તથા શિયાળુ બ્રીડીંગ પ્રોગ્રામના પ્લોટમાં મુખ્ય પાકની કાપણી બાદ જનરલ વાવેતર/બીજ ઉત્પાદન/ગ્રીન મેન્યુરીંગની કામગીરી તથા તે પ્લોટોને વાવેતર માટે તૈયાર કરવાની કામગીરી |
| | PPV & FRA તથા NBPGR માં રજીસ્ટ્રેસશનની કામગીરી |
| | મ્યુઝમની જાળવણી તથા ડેવલોપમેન્ટની કમગીરી |
| | રીસર્ચ પેપર રજીસ્ટર અને મુલાકાત રજીસ્ટરની જાળવણી |
| | હલકા ધાન્યના અખતરાઓની કામગીરી |
| | કચેરીના વડા દ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે કામગીરી |
| શ્રી અવિનાશ ડી. વર્મા<br>ખેતી અધિકારી<br>(ટેબલ-ટેક-૧) | પ્લાન્ટ બ્રીડીંગ સેકશન-૧ના ખેતી અધિકારી તરીકે સેકશનને ફાળવવામાં આવેલ કામગીરી |
| | અવલોકન રજીસ્ટરો તૈયાર કરવા તથા જાળવણીની કામગીરી. |
| | પ્લાન્ટ બ્રીડીંગ સેકશન-૧ હેઠળ લેવામાં આવેલ વિવિધ કક્ષાના બીજ, બ્રીડીંગ પ્રોગ્રામના બીજ તથા અખતરાના બીજની જાળવણી |
| | પ્લાન્ટ બ્રીડીંગ સેકશન-૧ ના મજૂર મસ્ટરની કામગીરી |
| | કચેરી લાઇબ્રેરીની કામગીરી |
| | પ્લાન્ટ બ્રીડીંગ-૧ સેકશનના વડા તથા કચેરીના વડા દ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે કામગીરી |
| બ્રીડીંગ સેકસન -૨ | |
| પ્રો. એ.આર.પટેલ<br>મદદ.સંશોધન વૈજ્ઞાનિક<br>(પ્લા.બ્રીડીંગ સેકશન-૨)<br>(ટેબલ- બ્રી-૨) | પ્લાન્ટ બ્રીડીંગ સેકશન-૨ ના વડા તરીકે ની કામગીરી. |
| | રાજ્ય કક્ષાના ચોમાસુ અને શિયાળુ દાણાની જુવાર તથા પોંકની જુવારના અખતરાઓની કામગીરી |
| | દાણાની ચોમાસુ અને શિયાળુ જુવાર, પોંકની જુવાર તથા કલર સોરઘમમાં લોકલ જર્મપ્લાઝમ કલેકશન અને ICRISAT તથા IIMR માંથી આવેલ બ્રીડીંગ મટીરીયલ-જર્મપ્લાઝમ વિગેરેનુ પરિક્ષણ, ડોક્યુમેંટેસન અને જાળવણીની કામગીરી |
| | દાણાની ચોમાસુ અને શિયાળુ જુવાર, પોંકની જુવાર તથા કલર સોરઘમની જાતો વિકસાવવા માટેના ક્રોસની આગળની પેઢીના પરિક્ષણની કામગીરી. |
| | અત્રેના કેન્દ્ર દ્વારા બહાર પાડવામાં આવેલી દાણાની અને શિયાળુ જાતોના ન્યુકલીયસ અને બ્રીડર/ફાઉંડેશન/સર્ટીફાઇડ/ટ્રુથફુલ બીજ ઉત્પાદન તથા જાળવણી. |



સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | |
|---|---|
| | રાજ્ય કક્ષાના દાણાની જુવાર, શિયાળુ જુવારના તથા પોંકની જુવારના બ્રીડીંગ અખતરાઓ હાથ ધરવા માટે જરૂરી જાતોનુ બીજ વૃધ્ધીકરણ અને તેના અન્ય કેંદ્ર પર વિતરણની કામગીરી |
| | રાજ્ય કક્ષાના અખતરાઓ માટે તાંત્રિક પ્રોગ્રામ તૈયાર કરી રાજ્યના અન્ય કેંદ્ર પર તેની અમલવારી, મોનીટરીંગ અને રીપોર્ટીંગની કામગીરી |
| | પ્લાન્ટ બ્રીડીંગ સેકશન-૨ નાં તાંત્રીક પત્ર વ્યવહારની કામગીરી |
| | બ્રીડર બીજ ઉત્પાદન અંગેના પત્ર વ્યવહારની કામગીરી |
| | કચેરીના મદદનીશ જાહેર માહિતી અધિકારી તરીકેની કામગીરી |
| | કૃષિ મહોત્સવ, ખેડૂતદિન વિ .કાર્યક્રમમાં જુવારના સ્ટોલની કામગીરી |
| | ભાલામણ રજીસ્ટર નિભાવણીની કામગીરી |
| | કચેરીના વડા દ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે કામગીરી |
| શ્રી પી. ટી. ચૌહાણ<br>ખેતી મદદનીશ<br>(ટેબલ-ટેક-૨) | પ્લાન્ટ બ્રીડીંગ સેકશન-૧ના ખેતી મદદનિશ તરીકે સેકશનને ફાળવવામાં આવેલ કામગીરી |
| | અવલોકન રજીસ્ટરો તૈયાર કરવા તથા જાળવણીની કામગીરી. |
| | પ્લાન્ટ બ્રીડીંગ સેકશન-૨ હેઠળ લેવામાં આવેલ વિવિધ કક્ષાના બીજ, બ્રીડીંગ પ્રોગ્રામના બીજ તથા અખતરાના બીજની જાળવણી |
| | પ્લાન્ટ બ્રીડીંગ સેકશન-૨ ના મજૂર મસ્ટરની કામગીરી |
| | મ્યુઝીયમની સંભાળ તથા કૃષિ મેળા/મહોત્સવમાં સ્ટોલની કામગીરી |
| | બ્રીડીંગ મટીરીયલ અંગેના રજીસ્ટરોના નિભાવણીની કામગીરી |
| | પ્લાન્ટ બ્રીડીંગ-૨ સેકશનના વડા તથા કચેરીના વડા દ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે કામગીરી |
| એગ્રોનોમી સેકશન | |
| ડાં. એચ.એન.ડેર<br>મદદ.સંશોધન વૈજ્ઞાનીક<br>(ટેબલ-એગ્રો) | જુવાર એગ્રોનોમીના રાજય તથા રાષ્ટ્રીય કક્ષાના અખતરા હાથ ધરી રીપોર્ટીંગની કામગીરી |
| | નિદર્શન અને નવી જાતોના પ્રચાર પ્રસારની કામગીરી આ કામગીરીમાં જરૂર પડે તો ડાં. કે.જી. કણજારીયા, ડાં. નિરવ રાદડીયા અને ડાં. તુષાર ઘેવરીયાએ મદદ કરવાની રહેશે. |
| | એગ્રોનોમીના અખતરાઓના ટેકનીકલ પ્રોગ્રામની કામગીરી |
| | જુવારના પાક પર પાણીના કાર્યક્ષમ ઉપયોગ માટે ઇજનેરી અખતરાઓ સહીત સંશોધનની કામગીરી |
| | જુવારના પાકની GAP (ગુડ એગ્રીકલ્ચરલ પ્રેક્ટાઇસીસ) ના રજીસ્ટરની નિભાવણી |
| | કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારી તરીકેની કામગીરી |
| | કચેરીના વડા દ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે કામગીરી |
| પ્લાન્ટ પ્રોટેકસન સેકશન | |
| પ્રો઼. એન.વી.રાદડીયા<br>મદદ.સંશોધન વૈજ્ઞાનિક<br>(ટેબલ- એન્ટો) | રાજય તથા રાષ્ટ્રીય કક્ષાના કીટકશાસ્ત્ર અંગેના અખતરાઓ, તેનું મોનિટરીંગ અને રીપોર્ટીંગની કામગીરી |
| | વિવિધ કિટકો સામે પ્રતિકારક જુવારની જાતો વિકસાવવા અને પરિક્ષણની કામગીરી |
| | કચેરીના વિવિધ બીજ ઉત્પાદન કાર્યક્રમ તથા અખતરાઓ અને બ્રીડીંગ પ્રોગ્રામમાં જીવાત સામે રક્ષણની કામગીરી |
| | જુવારની હાઇબ્રીડ ડેવલોપમેન્ટ તથા મ્યુટેશન બ્રીડીંગની કામગીરીમાં ડો. કેતન કણજારીયાને મદદ કરવી |
| | કચેરીના સ્ટોર અધિકારી અને ખરીદી અધિકારી તરીકેની કામગીરી |



સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | |
|---|---|
| | પ્લાન્ટ પ્રોટેકશન સેકશનના પ્લોટમાં મુખ્ય પાકની કાપણી બાદ જનરલ વાવેતર/બીજ ઉત્પાદન/ગ્રીન મેન્યુરીંગની કામગીરી તથા તે પ્લોટોને વાવેતર માટે તૈયાર કરવાની કામગીરી |
| | જુવારની નવી સુધારેલી જાતોના ખેડુતના ખેતર પર નિદર્શન અને નવી જાતો ના પ્રચાર પ્રસારની કામગીરીમાં ડો. હિરેન ડેરને મદદ કરવી |
| | જે.આર.એફ./એસ.આર.એફ./આર.એ./રોજમદાર કોન્ટ્રાકચ્યુઅલ રજીસ્ટરની નિભાવવાની કામગીરી. |
| | કચેરીના વડા દ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે કામગીરી |
| શ્રી એ. કે. ચોટલીયા<br>ખેતી મદદનીશ<br>(ટેબલ-સ્ટોર) | કચેરીનો ડેડસ્ટોક સંભાળવા તથા તેને લગતા અને બીજા બજેટ હેડ વાઇઝ રજીસ્ટરો નીભાવવા. |
| | કચેરીના સ્ટોર કીપર તરીકે તથા તેને લગતા રજીસ્ટરો નિભાવવા તથા ખરીદીની તથા બીજ વેચાણ તેમજ ફાર્મ ઉપજ વેચાણની કામગીરી. |
| | પ્લાન્ટ પ્રોટેકશન સેકશનના ખેતી કાર્યો અને તેના મજૂર મસ્ટરની કામગીરી |
| | કચેરીના વાહનોના આર સી બુક તથા સમયસર વિમા તેમજ રજીસ્ટ્રેશન નિભાવવાની કામગીરી. |
| | કચેરીના ટ્રેકટરોની લોગબુક તથા ખનીજતેલ વપરાશ રજીસ્ટરો નિભાવવાની કામગીરી. |
| | પ્લાન્ટ પ્રોટેકસન સેકશનના વડા દ્વારા સોપવામાં આવેતે કામગીરી |
| ડો. તુષાર વી. ઘેવરીયા<br>મદદ.સંશોધન વૈજ્ઞાનિક<br>(ટેબલ- પેથો, સી-૧) | રાજય તથા રાષ્ટ્રીય કક્ષાના રોગશાસ્ત્ર અંગેના અખતરાઓ લેવાનું, તેનું મોનિટરીંગ અને રીપોર્ટીંગની કામગીરી. |
| | વિવિધ રોગ સામે પ્રતિકારક જુવારની જાતો વિકસાવવા અને પરિક્ષણની કામગીરી . |
| | કચેરીના વિવિધ વિભાગના અખતરાઓ, બ્રીડીંગ પ્રોગ્રામ અને બીજ ઉત્પાદન કાર્યક્રમમાં રોગ નિયંત્રણની કામગીરી |
| | જુવારની હાઇબ્રીડ ડેવલોપમેન્ટ તથા મ્યુટેશન બ્રીડીંગની કામગીરીમાં ડો. કેતન કણજારીયાને મદદ કરવી |
| | કચેરીના ટેકાનીકલ ઓફીસર તરીકે પત્ર વ્યવહારની કામગીરી |
| | સેમીનાર/સીમ્પોઝીયમ/કોન્ફરન્સ/વર્કશોપ/શોર્ટ ટર્મ ટ્રેઇનીંગ/સમર એન્ડ વિન્ટર સ્કુલ ટ્રેઇનીંગ/ઓરીએન્ટેશન ટ્રેઇનીંગ/રીફ્રેષર કોર્ષ/અન્ય કોર્ષ/ઓથ. રીફ્રેકશન રજીસ્ટરની નિભાવણી |
| | કચેરી વાહન-જીપ ગાડીની લોગબુક અને જીપ તથા ટ્રેકટર-ટ્રેઇલર રીપેરીંગ તેમજ તેને લગતી તમામ કામગીરી. |
| | કચેરીના ફાર્મ મેનેજર તરીકેની કામગીરી જેવી કે,<br>• બીજા વિભાગને ફાળ્વ્યા બાદ બાકી રહેતા પ્લોટમાં જનરલ વાવેતર/ બીજ ઉત્પાદન, વર્મી કંપોસ્ટ ઉત્પાદન અને પ્લાન્ટ બ્રીડીંગ સેકશન-૨ હસ્તકના પ્લોટમાં મુખ્ય પાકની કાપણી બાદ જનરલ વાવેતર/બીજ ઉત્પાદન/ગ્રીન મેન્યુરીંગની કામગીરી તથા તે પ્લોટોને વાવેતર માટે તૈયાર કરવાની કામગીરી<br>• કેંદ્ર હસ્તકની બાંધકામ અને રીપેરીંગ, રીનોવેસન વિગેરે કામગીરી<br>• કચેરી હસ્તકના ફાર્મ પર વરશાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવી<br>• કચેરી બીલ્ડીંગની સાફ સફાઇ, સુશોભન અને જાળવણી. |
| | ફાર્મની વિગતો, નકશા વિગેરે, જમીન/પાકનુ પુથ્થકરણ વર્ષ વાર કરાવવુ અને તેનુ રજીસ્ટર નિભાવવુ |



સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
આઠવા ફાર્મ, સુરત-૭.

| | | |
|---|---|---|
| શ્રી પી.ડી.વાઘ<br>ખેતી મદદનીશ<br>(ટેબલ-ફાર્મ) | ફાર્મમાં ફાર્મ મેનેજરની દેખરેખ હેઠળ ફાર્મ મદદનીશ તરીકેની કામગીરી | |
| | ફાર્મ મેનેજમેન્ટ સેકશનના ખેતી કાર્યો, ટ્રેકટરના રજીસ્ટરો નિભાવવાની કામગીરી. | |
| | કેંદ્ર હસ્તકની બાંધકામ અને રીપેરીંગ, રીનોવેસન વિગેરે તથા કચેરી બીલ્ડીંગની સાફ સફાઇ કામગીરીઓ ડો. તુષાર ઘેવરીયાના માર્ગ દર્શનમાં કરવાની રહેશે | |
| | એગ્રોનોમી અને ફાર્મ મેનેજમેન્ટ સેકશનના ખેત મજૂર અને કુશળ શ્રમયોગી મસ્ટરની કામગીરી | |
| | કચેરી તથા ફાર્મના વાહનનો જીપ, ટ્રેકટર, ટ્રેલરોના રીપેરીંગ અને જાળવણીને લગતી કામગીરી. | |
| શ્રી એસ.જે.પટેલ<br>સીનીયર કલાર્ક<br>(ટેબલ - બી) | કચેરીના વહીવટ તથા એકાઉન્ટને લગતી કામગીરીની ચકાસણી | |
| | કેશબુક નિભાવવાની કામગીરી | |
| | પગારબીલ તેમજ તેને લગતા રજીસ્ટરો નિભાવવા. | |
| | બેંક તથા ટ્રેઝરી સાથે તમામ નાણાંકીય લેવડ-દેવડની કામગીરી | |
| | ઓડીટની કામગીરી તેમજ રેકોર્ડ જાળવવો . | |
| | હિસાબી રેકોર્ડ જાળવણી તેમજ હિસાબને લગતી માહિતી પુરી પાડવી . | |
| | બજેટ તેમજ ગ્રાંન્ટની કામગીરી. | |
| | પ્રવાસ કાર્યક્રમ /ડાયરી મંજુરી અંગેની કામગીરી તેમજ ફાઇલ નિભાવવી. | |
| | પી.એફ .પાસબુક નિભાવવી. | |
| | સ્ટેશનરી મેળવવી, જાળવણી તેમજ રજીસ્ટર નિભાવવાની કામગીરી | |
| | કચેરીના વડા દ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે કામગીરી | |
| શ્રી ડી.જે.ગાયવાલા<br>જુનીયર કલાર્ક<br>(ટેબલ - એ) | અધિ/.કર્મ.શ્રીઓની સેવાપોથી નિભાવી જાળવણીની કામગીરી. | |
| | પેન્શન કેસ અંગેની તમામ કામગીરી | |
| | બજેટ તેમજ ગ્રાંન્ટની કામગીરીમાં મદદ કરવી | |
| | ખાનગી ટપાલ તથા રજીસ્ટર નિભાવવું . | |
| | વહીવટી રેકર્ડની જાળવણી કરવી તેમજ માહિતી પુરી પાડવી . | |
| | ઓડીટની કામગીરીમાં મદદ કરવી . | |
| | પગારબીલની કામગીરીમાં મદદ કરવી . | |
| | કચેરીની ખરીદીની મંજુરીના હુકમો કાઢવાની કામગીરી. | |
| | પે-એબલ ડી.સી.બીલ,એબસ્ટ્રેક બીલ,એન.પી.ડી.સી.બીલ, પી.એફ.પેશગી બીલ બનાવવાની કામગીરી તેમજ તેને લગતાં રજીસ્ટરો નિભાવવા . | |
| | પેશગીઓને લગતાં રજીસ્ટરો નિભાવી જાળવવાની કામગીરી . | |
| | આઉટવર્ડ, ઇનવર્ડ રજી .નિભાવવા . | |
| | ટપાલ ટીકીટની જાળવણી તેમજ તેને લગતાં રજી.નિભાવવા. | |
| | કચેરીના વડા દ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે કામગીરી | |

| | |
|---|---|
| 3 | દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતી |
| | યુનિટ ખાતે ફરજ બજાવતા અધિકારીઓ તથા કર્મચારીઓની તમામ સંશોધનને લગતી કામગીરી તેમજ વહીવટી તથા હિસાબી કામગીરી સંશોધન વૈજ્ઞાનિકશ્રી(જુવાર)ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે. |
| ૪ | પોતાના કાર્યો બજાવવા માટે પોતે નક્કી કરેલા ધોરણ |
| | • સંઘ તથા રાજ્ય સ્તરની સંશોધન અંગેની કમિટીમાં નક્કી થયા મુજબ સંશોધન કાર્યક્રમો કરવા. |



સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | |
|---|---|
| | • ખેડૂતોની માંગો અને જરૂરીયાત મુજબ દાણા અને ઘાસચારાની જાતોમાં સંકરણ કાર્યક્રમ હાથ ધરીને નવી જાતો વિકસાવવાની કામગીરી.<br>• સંઘ સરકાર સ્તરની સંશોધન કમિટીમાં નક્કી થયા મુજબ નિદર્શનો આપવાની કામગીરી<br>• પોસ્ટ ગ્રેજ્યુએટ ડીનશ્રી દ્વારા ફાળવવામાં આવેલ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને શિક્ષણ આપવાની કામગીરી<br>• સરકારશ્રીની યોજનાઓ મુજબ વિસ્તરણ તથા વિવિધ ખેડુત ઉપયોગી કામગીરી<br>• ખેડૂતોના પ્રશ્નોનું સ્થળ પર જઈ નિકાલની કામગીરી |
| (૫) | પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહો અને રેકર્ડ |
| | કૃષિ યુનિવર્સીટીની સ્ટેચ્યુટરી જોગવાઈઓ મુજબ નિયમો, વિનિયમો અને સૂચનાઓને અનુસરવામાં આવે છે તેમજ માન. રાજ્ય સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના આદેશો અનુસાર કામગીરી કરવામાં આવે છે તથા હિસાબી કામગીરીનું લોકલ ફંડ ઓડીટરશ્રી દ્વારા ઓડીટ કરાવવામાં આવે છે. તેમજ અત્રેની એકમ દ્વારા જરૂરી રજીસ્ટરો નિભાવવામાં આવે છે જેવા કે ડેડસ્ટોક, સ્ટોર રોજમેળ, સ્ટોર ખાતાવહી, ચીજવસ્તુ વપરાશ, મંજૂરી, લેબરશીટ, હાજરીપત્રક, ખેત પેદાશ સોંપણી પત્રક, ઉત્પાદન રજિસ્ટર, કચેરીમાં નાણા ભરવાનું પત્રક, રીપેરીંગ રજિસ્ટર, લોગબુક અને હિસ્ટ્રીશીટ, પરચૂરણ રજા, ટપાલ આવક જાવક તથા હિસાબી રજીસ્ટરો જેવા કે કેસબુક, રસીદ બુક, ખર્ચનું રજિસ્ટર વિગેરે રેકર્ડની નિભાવણી કરવામાં આવે છે. |
| (૬) | પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક ; |
| | • વૈજ્ઞાનિકશ્રીઓ પાસે અખાતારાઓના અવલોકન રજીસ્ટરો, ટેકનિકલ પ્રોગ્રામની ફાઈલ, સંશોધન અહેવાલ, પ્રગતિ અહેવાલ વિગેરેના રજિસ્ટર – પત્રકો.<br>• ટેકનિકલ કર્મચારીઓ પાસે ખેત પેદાશ સોંપણી પત્રક, લેબર મસ્ટર, ડેડસ્ટોક, સ્ટોર રોજમેળ, સ્ટોર ખાતાવહી, ચીજવસ્તુ વપરાશ, મંજૂરી, લેબરશીટ, હાજરી પત્રક, ઉત્પાદન રજિસ્ટર, કચેરીમાં નાણા ભરવાનું પત્રક, રીપેરીંગ રજિસ્ટર, લોગબુક અને હિસ્ટ્રીશીટ.<br>• વહિવટી નાણાકીય ટેબલ સાંભળતા કર્મચારીઓ પાસે પરચૂરણ રજા, ટપાલ આવક જાવક તથા હિસાબી રજીસ્ટરો જેવા કે કેશબુક, રસીદબુક, ખર્ચનું રજિસ્ટર, વિગેરે રેકર્ડની નિભાવણી કરવામાં આવે છે.<br>• જે.આર.એફ./એસ.આર.એફ./આર.એ./રોજમદારનાં કોંટ્રાકચ્યુલ રજીસ્ટર, રીચર્ચ પેપર રજીસ્ટર, ભલામણ રજીસ્ટર, સેમીનાર/સીમ્પોઝીયમ/કોંફરંસ/વર્કશોપ/શોર્ટ ટર્મ ટ્રેનિંગ/ સમર એંડ વિંટર સ્કુલ ટ્રેનિંગ/ઓરીએંટેશન ટ્રેનિંગ/રીફેશર કોર્સ/અન્ય કોર્સ માટેનુ રજીસ્ટર, જમીન/પાણી પુથ્થકરણ રજિસ્ટર.<br>• અધિકારી કર્મચારીઓની ફરજની માહિતી મુદ્દા નં-૨ મુજબ છે અને વૈજ્ઞાનિક પ્રમાણે ચાલુ વર્ષના અખતરાઓની માહિતી એનેક્ષર-૧ મુજબ છે. |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સૂરત-૭.

| | | |
|---|---|---|
| | (૭) | તેની નિતિ ઘડતર અથવા તેના અમલીકરણના સબંધમાં જનતાના સભ્યો સાથી વિચાર વિનિયન માટે અથવા તેમના દ્વારા રજુઆત માટેની વિધ્યમાન કોઇ વ્યયસ્થાની વિગતો |
| | | ઝોનલ કક્ષાની સંશોધન કમીટીમાં ખેડુતોના પ્રતિનિધિઓ અને સરકારશ્રીના ખડુતો સાથે સીધા સંકળાયેલા વિસ્તરણ અધિકારીઓની રજુઆતો મુજબ ખેડુત ઉપયોગી સંશોધન કાર્યક્રમો અખતરાઓનુ આયોજન કરી ત મુજબના ટેકનિકલ પ્રોગ્રામની રીચર્સ કાઉંસીલમાં અનુમતી મેળવી તે મુજબ સંશોધનની નવી કામગીરી હાથ ધરવામાં આવે છે. |
| | (૮) | તેના ભાગ તેરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યક્તિઓના બનેલા બોર્ડ, કાઉંસીલો, સમિતીઓ અને બીજા મંડળોનુ પત્રક અને તે બોર્ડ કાઉંસીલો, સમિતીઓ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ |
| | | ઝોનલ કક્ષાની સંશોધન કમીટીમાં ખેડુતોના પ્રતિનિધિઓ અને સરકારશ્રીના ખડુતો સાથે સીધા સંકળાયેલા વિસ્તરણ અધિકારીઓની બનેલી હોય છે. તથા યુનિવર્સિટી તથા રજ્ય કક્ષાની રિચર્ચ કાઉંસીલ કૃષિ વૈજ્ઞાનિકો તથા કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓની બનેલી હોય છે. જેની કાર્યનોંધ યુનિવર્સિટી કક્ષાએથી તૈયાર થતી હોય છે અને આ કેંદ્ર દ્વારા તેનો અમલ કરવાનો હોય છે. આથી આ મુદ્દો અત્રેના કેંદ્રને લાગુ પડતો નથી. |
| | (૯) | તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તીકા |
| | | યુનિવર્સિટી દ્વારા સમ્પર્ક સેતુ નામની પુસ્તિકા અલગથી બહાર પાડવામાં આવેલ છે. તેમજ તેની માહિતી યુનિવર્સિટીની વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે. |
| | (૧૦) | તેના વિનિયમોમાં જોગવાઇ કર્યા પ્રમાણે વળતરની પધ્ધ્તી સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક મહેનતાણા |
| | | દરેક કર્મચારી અને અધિકારીશ્રીઓને સરકારશ્રીમાં અમલી પગારપંચ અને સરકારશ્રીના નોતિ નિયમો મુજબ મહેંતાણા ચુકવવામાં આવે છે. જે એનેક્ષર-૨ માં દર્શાવેલ છે. |
| | (૧૧) | તમામ યોજનાઓ, સુચિત ખર્ચ અને ચુકવેલા નાણા પરના અહેવાલોની વિગતો દર્શાવતી, તેની દરેલ એજંસીને ફાળવેલ અંદાજપત્ર |
| | | સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ દ્વારા વિવિધ પ્લાન તથા નોન-પ્લાન યોજનાઓનુ બજેટ મંજુર કરી યુનિવર્સિટી દ્વારા વિવિધ યોજનાઓ પ્રમાણે આયોજન અધિકારીશ્રી તથા હિસાબ અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી મારફત ફાળવવામાં આવે છે. આ ફાળવેલ ગ્રાંટ મુજબ નાણાકિય વર્ષ દરમ્યાન ખર્ચ કરવામાં આવે છે અને વર્ષના અંતે યુનિવર્સિટી દ્વારા સંયુક્ત અહેવાલ તૈયાર કરવામાં આવે છે.હિસાબી અહેવાલ અત્રેની યુનિવર્સિટીના હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી દ્વારા તૈયાર કરવામાં આવે છે, જેને સરકરશ્રીમા રજુ કરવામાં આવે છે. આ ઉપરાંત આઇસીએઆર યોજનાઓની ડાયરેક્ટર, ઇંડિયન ઇંસ્ટીટ્યુટ ઓફ મિલેટ રીસર્ચ, હૈદ્રાબાદ દ્વારા વિવિધ આઇસીએઆરની ગ્રાંટ મંજુર કરી અત્રેના કેંદ્રને ફાળવવામાં આવે છે. આ ફાલવેલ ગ્રાંટ મુજબ નાણાકિય વર્ષ દરમ્યાન ખર્ચ કરવામાં આવે છે અને વર્ષના અંતે ગ્રાંટ વપરાશ પ્રમાણપત્ર હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી દ્વારા તૈયાર કરવામાં આવે છે અને ડાયરેક્ટર, ઇંડિયન |



સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

ઇંસ્ટીટ્યુટ ઓફ મિલેટ રીસર્ચ, હૈદ્રાબાદ મારફત આઇસીએઆરમાં રજુ કરવામાં આવે છે.

નાણાકિય વર્ષ-૨૦૨૩-૨૪ ની ગ્રાન્ટ તા. ૦૧/૦૫/૨૦૨૩ ની પરિસ્થિતિએ.

| 5006 Non Plan | | | On 01/05/2022 |
|---|---|---|---|
| | Proposed grant | Expenditure | Balance |
| Pay Allowance | 6250000 | 959046 | 5290954 |
| Recurring | 700000 | 4579 | 695421 |
| Non-Recurring | - | - | - |
| **Total** | **6950000** | **963625** | **5986375** |

| 7081-B Non Plan | | | On 01/05/22 |
|---|---|---|---|
| | Proposed grant | Expenditure | Balance |
| Pay Allowance | 700000 | 33020 | 666980 |
| Recurring | 50000 | - | 50000 |
| Non-Recurring | - | - | - |
| **Total** | **750000** | 33020 | 716980 |

| 12006 Plan | | | On 01/05/22 |
|---|---|---|---|
| | Proposed grant | Expenditure | Balance |
| Pay Allowance | 3782002 | 689100 | 3092902 |
| Recurring | 1410000 | 139351 | 1270649 |
| Non-Recurring | - | - | - |
| **Total** | **5192002** | **828451** | **4363551** |

| 12946 -D Plan | | | On 01/05/22 |
|---|---|---|---|
| | Proposed grant | Expenditure | Balance |
| Recurring | 45000 | 1490 | 43510 |
| **Total** | **-** | **-** | - |

| 2006 ICAR | | | On 01/05/2022 |
|---|---|---|---|
| | Proposed grant | Expenditure | Balance |
| Pay Allowance | 2237000 | 575632 | 1661368 |
| Recurring | - | - | - |
| Non-Recurring | - | - | - |
| **Total** | 2237000 | **575632** | **1661368** |

૧૨ ફાળવેલ રકમો સહિત સબસીડી કાર્યક્રમોની અમલ બજવણીની રીત અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો.

આર્થિક સહાય આપવામાં આવતી નથી પરંતુ નવી ટેકનોલોજીના વિસ્તરણ માટે ખેડુતોને નિદર્શન અંતર્ગત ઇનપુટસ આપવામા આવે છે.

૧૩ તેણે આપેલ છુટછાટો પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો

ઉપરોકત મુદો અત્રેના કેંદ્રને લાગુ પડતો નથી.

૧૪ ઇલેકટ્રોનિક સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેની પાસેની માહિતીને લગતી વિગતો

wwwnau.i n ઉપર ઉપલબ્ધ છે.

૧૫ જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય, તો તેવા ગ્રંથાલય અથવા તેના વાંચનકક્ષ કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો

અત્રેની કેંદ્ર દ્વારા ખેડુતોપયોગી વિવિધ કૃષિ સાહિત્યો બહાર પાડવામાં આવે છે અને આ સાહિત્યો ખેડુતોને વિના મુલ્યે વહેચણી કરવામાં આવે છે. અત્રેના કેંદ્ર ખાતે આવતાં મુલાકાતીઓને જરૂરી સમજણ આપવામાં આવે છે. અત્રેના કેંદ્ર ખાતે એક મ્યુઝીયમ પણ બનાવવામાં આવેલ છે જેમા જુવાર્ની વિવિધ જતો અને વિવિધ ટેકનોલોજી લગતા નમુના ચાર્ટ વિગેરે પ્રદશિત કરેલા છે. જે મુલાકાતીઓ કચેરી સમય દરમ્યાન જોઇ શકે છે.

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | | | |
|---|---|---|---|
| | ૧૬ | જાહેર માહિતી અધિકારીઓના નામો હોદો અને બીજી વિગતો | |
| | | જાહેર માહિતિ અધિકારીનું નામ :-<br>ડો. બી. કે. દાવડા<br>હોદો :- સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)<br>મોબાઇલ નંબર: ૯૩૭૭૫૬૦૦૦ | મદદનિશ જાહેર માહિતિ અધિકારીનું નામ :-<br>પ્રો. એ. આર. પટેલ<br>હોદો :- મદદનિશ સંશોધન વૈજ્ઞાનિક (બ્રિડિંગ)<br>મોબાઇલ નંબર: ૯૭૨૫૦૦૧૫૦૬ |
| | | કચેરીનું નામ :- સંશોધન વૈજ્ઞાનિક (જુવાર) ની કચેરી<br>મુખ્ય જુવાર સંશોધન કેંદ્ર<br>નવસારી કૃષિ યુનિવર્સિટિ સુરત-૩૯૫૦૦૭<br>ફોન નંબર: (૦૨૬૧)૨૬૬૮૧૩૨ | |
| | ૧૭ | ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી પ્રસિધ્ધ કરવી જોઇશે અને ત્યારપછી દર વર્ષે આ પ્રકાશનોને અધતન કરવા જોઇએ. | |
| | | -હા- ૧ લી મે એ તથા જરૂરીયાત મુજબ અધતન કરવામાં આવશે. | |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

## એનેક્ષર-૧

## ચાલુ વર્ષના વૈજ્ઞાનિક પ્રમાણે અખતરાઓની યાદી

| | | | |
|---|---|---|---|
| 1 | **Dr. B. K. Davda, Res. Sci. Officer in charge AICSIP & Head of Plant Breeding Department**<br>Total 28 experiments as per detail given below under two sub-section<br>**(A) AICSIP section 17 trials and (B) State section 11 trials.** | | |
| 2 | **(A)** | **Dr. K. G. Kanjariya, Asstt. Res. Sci.- AICSIP section, 17trials** | |
| | | **Grain Sorghum, SS & HBT** | |
| | | Br-1 | Initial Varietal Trial (Grain sorghum) |
| | | Br-2 | Advanced Varietal Hybrid Trial (Grain sorghum) |
| | | Br-3 | Initial Hybrid Trial (Grain sorghum) |
| | | Br-4 | Initial-cum-Advanced Varietal and Hybrid Trial(Sweet sorghum) |
| | | Br-5 | High Biomass Trial |
| | | Br-6 | IAVHT of Seed Speciality Trial |
| | | Br-7 | IIHT |
| | | Br-8 | *Hurda* trial |
| | | **Forage Sorghum** | |
| | | Br-9 | Initial and Advanced Varietal and Hybrid Trial (MC) on forage sorghum |
| | | Br-10 | Initial Varietal Hybrid Trial (SC) on forage sorghum |
| | | Br-11 | Advanced Varietal Hybrid Trial (SC) on forage sorghum |
| | | Br-12 | Single cut Forage Sorghum – Brown mid-rib trial (BMR) |
| | | **Breeding Materials** | |
| | | Br-13 | Germplasm maintenance collection, evaluation and maintenance (Fodder sorghum, Sudan grass and Sweet sorghum) |
| | | Br-14 | Evaluation and maintenance of Germplasm received from IIMR |
| | | Br-15 | A, B and R line collection and maintenance AB line |
| | | Br-16 | Hybrid development Programme [MS based] |
| | | Br-17 | Evaluation of the materials received from ICRISAT |
| | **(B)** | **State Section, 11 trials** | |
| | | **Prof. A. R. Patel, Asstt. Res. Sci., Grain &Dual, *Ponk* and forage Sorghum** | |
| | | Br-18 | Large Scale Varietal Trial on Grain & dual Sorghum |
| | | Br-19 | Small Scale Varietal Trial on Grain& dual Sorghum |
| | | Br-20 | Preliminary Evaluation Trial on Grain & dual Sorghum |
| | | Br-21 | Large Scale Varietal Trial on forage Sorghum (Single cut) |
| | | Br-22 | Small Scale Varietal Trial on forage Sorghum (Single cut) |
| | | Br-23 | Preliminary Evaluation Trial on forage Sorghum (Single cut) |
| | | Br-24 | Multi Location Trial on *Ponk* Sorghum |
| | | Br-25 | Preliminary Evaluation Trial on *Ponk* Sorghum |
| | | Br-26 | Large Scale Varietal Trial on *Rabi* Sorghum |
| | | Br-27 | Small Scale Varietal Trial on *Rabi* Sorghum |
| | | Br-28 | Preliminary Evaluation Trial on *Rabi* Sorghum |
| | | **Dr. V. D. Pathak,Prof. A. R. Patel,Prof. K. G. Kanjariya&Avinash Varma**<br>Breeding segregating generation & other evaluation programme | |
| 3 | **Dr. Hiren Der, Asstt. Res. Sci., Agronomy, 10 trials** | | |
| | **A. AICSIP trials** | | |
| | 1 | Evaluation of pre-released kharif grain sorghum hybrids and varieties for their productivity under rain fed environment | |
| | 2 | Performance of pre-released sweet sorghum genotypes under rain fed environments | |
| | 3 | Identification the morpho-physiological traits of germplasm/ varieties suitable high density planting in kharif under protective irrigated conditions | |



સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | | |
|---|---|---|
| | 4 | Weed management in kharif forage sorghum |
| | | **B. State trials** |
| | 5 | Spacing and fertilizer requirement of kharif grain sorghum |
| | 6 | Effect of different age of seedling for transplanting of kharif grain sorghum |
| | 7 | Effect of nitrogen scheduling and cultivars on kharif grain sorghum |
| | 8 | Evaluation of Low Cost Natural farming in Sorghum under South Gujarat condition (Rabi) |
| | 9 | Optimization of dripper discharge rate and system geometry for sorghum crop under South Gujarat condition |
| | 10 | Demonstations at farmer' field |
| 4 | **Prof. N. V. RADADIYA, Asstt. Res. Sci., Entomology 16 trials** | |
| | 1 | Evaluation of AVHT (GS lines) for shoot fly and stem borer resistance |
| | 2 | Evaluation of IHT (GS lines) for shoot fly and stem borer resistance |
| | 3 | Evaluation of IVT (GS lines) for shoot fly and stem borer resistance |
| | 4 | Evaluation of IAVHT(MC lines) for shoot fly and stem borer resistance |
| | 5 | Evaluation of AVHT (SC lines) for shoot fly and stem borer resistance |
| | 6 | Evaluation of IVHT (SC lines) for shoot fly and stem borer resistance |
| | 7 | Evaluation of IAVHT (SS lines) for shoot fly and stem borer resistance |
| | 8 | Evaluation of HIGH BIOMASS SORGHUM + BMR (HBM lines + BMR) for shoot fly and stem borer resistance |
| | 9 | Evaluation of Shoot Fly Nursery lines for shoot fly resistance |
| | 10 | Management of Fall army worm with entomofungal pathogens (EFP) |
| | 11 | Estimation of Avoidable loss due to major pests in sorghum (Stem borer) (Kharif 2021) |
| | 12 | Evaluation of LSVT-grain for shoot fly and stem borer resistance |
| | 13 | Evaluation of LSVT- fodder for shoot fly and stem borer resistance |
| | 14 | Evaluation of insecticides against sorghum stem borer |
| | 15 | Evaluation of different oils for the management of rice weevil, Sitophilus oryzae (Linnaeus) in stored sorghum |
| | 16 | Evaluation of LSVT-grain for shoot fly and stem borer resistance (Rabi-2021-22) |
| 6 | **Dr. Tushar V. Ghevariya, Asstt. Res. Sci., Pathology 14 trials** | |
| | 1 | Screening of Advanced Varietal Hybrid Trial (AVHT-GS) material for disease resistance |
| | 2 | Screening of Initial Hybrid Trial (IHT-GS) material for disease resistance |
| | 3 | Screening of Initial Varietal Trial (IVT-GS) material for disease resistance |
| | 4 | Screening of Initial Advanced Varietal Hybrid Trial (IAVHT-MC) material for disease resistance |
| | 5 | Screening of Initial Varietal Hybrid Trial (IVHT-SC) material for disease resistance |
| | 6 | Assessment of avoidable yield loss due to grain mold in sorghum |
| | 7 | New molecules for management of ergot in grain sorghum |
| | 8 | Evaluation of F4 progenies developed in national crossing programme for grain mold resistance |
| | 9 | Screening of LSVT rabi material for disease resistance |
| | 10 | Screening of LSVT *Kharif* grain Sorghum for disease resistance |
| | 11 | Screening of LSVT *Kharif* fodder Sorghum for disease resistance |
| | 12 | Efficacy of fungicides and bio-Pesticides against sorghum grain mold |
| | 13 | Isolation and variability study of different isolates of *Colletotrichum* causing anthracnose of Sorghum under area of South Gujarat |
| | 14 | Evalution of fungicides against sugary disease of sorghum |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

# એનેક્ષર - ૨

| બજેટસદર | કર્મચારી/અધિકારીનું નામ | હોદ્દો | માસીકમહેનતાણાની રકમ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બેઝીક | ગ્રે.પે | ડીએ | એસ.પી. | એચ.આર.એ. | એમ.એ. | સીએલએ | અન્ય | કુલ |
| ૫૦૦૬ | ડાં.બી.કે.દાવડા | સહ સંશોધન વૈજ્ઞાનિક(બ્રીડીંગ) | 161600 | - | 54944 | - | - | 1000 | 270 | - | 217814 |
| | પ્રો. એ.આર.પટેલ | મદદ.સંશોધન વૈજ્ઞાનિક(બ્રીડીંગ) | 101200 | - | 34408 | 175 | 16192 | 1000 | 270 | - | 153245 |
| | શ્રી પી.ડી.વાઘ | ખેતીમદદનીશ | 27100 | - | 9214 | - | - | 1000 | 270 | - | 37584 |
| | શ્રી પી.ટી.ચૌહાણ | ખેતીમદદનીશ | 25500 | - | 8670 | - | - | 1000 | 270 | - | 35440 |
| | શ્રી એ.કે.ચોટલીયા | ખેતીમદદનીશ | 25500 | - | 8670 | - | - | 1000 | 270 | - | 35440 |
| ૨૦૦૬ | ડાં.એન.વી.રાદડીયા | મદદ.સંશોધન વૈજ્ઞાનિક(એન્ટો) | 70900 | - | 24106 | - | - | 1000 | 270 | - | 96276 |
| | ડાં. ટી.વી.ઘેવરીયા | મદદ.સંશોધન વૈજ્ઞાનિક(પેથો) | 63000 | - | 21420 | - | 10080 | 1000 | 270 | - | 95770 |
| | ડાં. એચ.એન.ડેર | મદદ.સંશોધન વૈજ્ઞાનિક(એગ્રો) | 63000 | - | 21420 | - | 10080 | 1000 | 270 | - | 95770 |
| ૧૨૦૦૬ | ડાં.કે.જી.કણજારીયા | મદદ.સંશોધન વૈજ્ઞાનિક(બ્રીડીંગ) | 63000 | - | 21420 | - | 10080 | 1000 | 270 | - | 95770 |
| | શ્રી એ.ડી.વર્મા | ખેતીઅધિકારી | 38090 | - | - | - | - | - | - | - | 38090 |
| | શ્રી એસ.જે.પટેલ | સીનીયરકલાર્ક | 38600 | - | 13124 | - | 6176 | 1000 | 270 | 75 | 59245 |
| | શ્રી ડી.જે.ગાયવાલા | જુનીયરકલાર્ક | 23100 | - | 7854 | - | 3696 | 1000 | 170 | 1800 | 37620 |
| | શ્રી ડી.બી.પટેલ | ટ્રેકટરડ્રાયવર | 54200 | - | 18428 | - | - | 1000 | 270 | 125 | 74023 |
| | શ્રી એસ.આર.શેડગે | પટાવાળા | 28800 | - | 9792 | - | - | 1000 | 110 | 100 | 39802 |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

## Good Agricultural Practises (GAP) for Grain and Fodder Sorghum

:: ચોમાસુ તથા શિયાળુ દાણાની જુવારની ખેતિ પધ્ધતિ ::
ડૉ. બી. કે. દાવડા, પ્રો. એ. આર. પટેલ, પ્રો. એન. વી. રાદડીયા,
ડૉ. એચ. એન. ડેર, ડૉ. ટી. વી. ઘેવરીયા, પ્રો. કે. જી. કંજારીયા અને શ્રી એ. ડી. વર્મા
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, અઠવા ફાર્મ, સુરત

| | | | |
|---|---|---|---|
| ૧. | જમીન અને તેની તૈયારી | : | જમીન<br>• જુવારનો પાક આમતો તમામ પ્રકારની જમીનમાં થઇ શકે છે પરતું<br>• જુવારના પાકને સારી અને ફળદ્રુપ જમીન વધુ અનુકુળ આવે છે<br>• કાળી, મધ્યમ -કાળી, ગોરાળુ કે કાંપવાળી જમીનમા જુવારનો પાક સારો થાય છે.<br>જમીનની તૈયારી<br>• એક હળખેડ તથા બે કરબખેડ દ્વારા ૧૦-૧૫ સે.મી .ઊંડી ખેડ કરી જમીન ભરભરી કરી સમારથી સમતળ કરવી .<br>• જમીન તૈયાર કરતી વખતે સારૂ કોહવાયેલુ છાણિયુ ખાતર, બાયો કમ્પોસ્ટ અથવા વર્મી કમ્પોસ્ટ આપવાથી જમીનની ફળદ્રુપતામાં વધારો કરી વધુ ઉત્પાદન મેળવી શકાય.<br>• ખરીફ ઋતુમા વાવણી મોડી થવાના સંજોગોમાં ખેતર નિંદામણ મુક્ત રાખવા ,કરબથી ખેડ કરવી. |
| ૨. | જાતની પસંદગી | : | ખરીફ ઋતુ માટે<br>• સુધારેલી જાતો -: જીજે ૪૨ ,જીજે ૪૩ ,ગુજરાત નવસારી જુવાર-૧ , જીજે ૪૪)મધુ(, સીએસવી ૩૬ ,સીએસવી ૩૯ અને સીએસવી ૪૧<br>• સંકર જાતો -:સીએસએચ ૨૭ ,સીએસએચ ૩૦ અને સીએસએચ ૪૧<br>રવી ઋતુ માટે<br>• સુધારેલી જાતો -:ફુલે રેવતી ,જીજે ૧૦૧(મધુ મોતી) અને સીએસવી ૨૬ આર<br>• સંકર જાતો -:સીએસએચ ૧૫ આર |
| ૩. | વાવણીનો સમય | : | • ખરીફ:- ચોમાસાની શરૂઆતમા અથવા પ્રથમ વાવણી લાયાક વરસાદના પંદર દિવસ સુધીમાં વાવેતર કરવું<br>• રવી:- સપ્ટેમ્બરનાં બીજા પખવાડીયાં થી ઓક્ટોબરના બીજા પખવાડીયાં સુધીમાં વાવેતર કરવું. |
| ૪. | બિયારણનો દર | : | ૮ થી ૧૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટર |
| ૫. | બિયારણની માવજત | : | • બીજને વાવેતર પહેલા થાયોમેથોકઝામ ૩૦ % દવાનો એક કીલો બીજ દીઠ ૩ ગ્રામ દવાનો પટ અપીને વાવેતર કરવુ જોઇએ . |
| ૬. | વાવણી અંતર | : | • ચોમાસુ અને શિયાળુ પીયત પરિસ્થિતિમાં દાણાની જુવાર માટે બે |



સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | | |
|---|---|---|
| | | હાર વચ્ચે ૪૫ સે.મી .અને બે છોડ વચ્ચે ૧૫ સે.મી .અંતર રાખવું.<br>• બિન પિયત શિયાળુ જુવાર માટે બે હાર વચ્ચે ૬૦ સેમી અને બે છોડ વચ્ચે ૧૨ સે.મી અંતર રાખવુ. |
| ૭. | પારવાણી તથા ખાલા પુરાવા | • દાણાની જુવારમા પાક ૧૫ થી ૨૫ દિવસનો થાય ત્યારે હારમા બે છોડ વચ્ચે ભલામણ મુજબ અંતર રાખી પારવણી કરવી<br>• સારૂ ઉત્પાદન મેળવવા એકમદિઠ છોડની સંખ્યા જાળવવી ખુબજ જરૂરી છે .<br>• જુવારના પાકમા ફેરરોપણી પણ સરળ રીતે થાય છે .આથી જ્યારે પાક ૧૫ થી ૨૫ દિવસનો થાય અને જમીનમા ફેરરોપણી લાયક ભેજ હોય ત્યારે, જ્યા વધુ છોડ હોય ત્યાથી ઉપાડીને ખાલી જ્ગ્યાએ છોડની ફેરરોપણી કરીને ખાલા પુરવા જોઇએ. |
| ૮. | ખાતર<br>→ જૈવીક ખાતરોનો બીજ ને પટ આપીને વાવેતર કરવાથી ખાતરની જરૂરીયાત ઘટાડી શકાય<br>→ જમીન તૈયાર કરતી વખતે સારૂ કોહવાયેલુ છાણિયુ ખાતર, બાયો કમ્પોસ્ટ અથવા વર્મી કમ્પોસ્ટ આપવાથી જમીનની ફળદ્રુપતામાં વધારો કરી વધુ ઉત્પાદન મેળવી શકાય.<br>→ <u>રાસાયણીક ખાતર:</u><br>• ચોમાસુ અને શિયાળુ પીયત દાણાની જુવારના પાક ને એક હેક્ટરે કુલ ૮૦ કિલોગ્રામ નાઇટ્રોજન અને ૪૦ કિલોગ્રામ ફોસ્ફરસ સક્રિય તત્વ આપવાની ભલામણ છે .<br>- જેમાથી ૪૦ કિલોગ્રામ ફોસ્ફરસ અને ૪૦ કિલોગ્રામ નાઇટ્રોજન પાયાના ખાતર તરીકે વાવણી માટે જમીન તૈયાર કરતી વખતે આપવુ.<br>- બાકી રહેલ ૪૦ કિલોગ્રામ નાઇટ્રોજન પાક ૩૦ થી ૩૫ દિવસનો થાય એટલે કે ફૂલ ગાંઠ અવસ્થાએ જમીનમા ભેજ હોય ત્યારે પુર્તિ ખાતર તરીકે આપવુ જોઇએ.<br>• આ રાસાયણીક ખાતરને ડી.એ.પી અને યુરિયા ના રૂપમાં ગણતરી કરતા એક હેકટરમાં<br>- પાયાના ખાતર તરીકે ૮૭ કીલો ડી.એ.પી અને ૫૩ કીલો ની યુરિયા જરૂર પડે<br>- પુર્તી ખાતર તરીકે ૮૭ કીલો યુરિયા ની જરૂર પડે છે<br>• શિયાળુ બિનપીયતની જુવાર માટે પાયાના ખાતર તરીકે નાઇટ્રોજન ૪૦ કિ.ગ્રા. અને ફોસ્ફરસ ૨૦ કિ.ગ્રા. પ્રમાણે એક હેક્ટર વિસ્તારમાં આપવા.<br>• આમ છતા જમીનનુ પૃથ્થકરણ કરાવીને જરુરીયાત મુજબ ખાતર આપવામા આવેતો વધારે આર્થિક ફાયદો મળે છે . | |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | |
|---|---|
| ૯. | નિંદામણ અને આંતરખેડ:<br>• જુવારના વાવેતર બાદ ૨૫ અને ૫૦ દિવસે હાથથી નિંદામણ કરવુ તથા જમીનમાં વરાપની પરિસ્થિતિ આવે ત્યારે એક આંતરખેડ કરવી .<br>• જુવારનાં પાકને ૪૫-૫૦ દિવસ સુધી નિંદામણ મુક્ત રાખવો જરૂરી છે.<br>• ભૂંગળી બંધાયા બાદ, ફૂલ ગાંઠ અવસ્થાએ આંતરખેડ કરવાથી તેને નુકશાન થાય તો કણસલા બંધાવાને માઠી અસર પડી શકે છે અને ઉત્પાદન ઘટે છે, આથી ફુલ ગાંઠને નુકશાન ના થાય તેની તકેદારી રાખી આંતરખેડ કરવી. |
| ૧૦. | જુવારના પાકમાં કટોકટીની અવસ્થા અને પિયતની જરુરીયાત:<br>• ચોમાસુ ઋતુ માટે સામાન્ય રીતે પિયતની જરૂરીયાત રહેતી નથી પરંતુ જો ચોમાસમાં વરસાદની ખેંચ હોય તો કટોકટી અવસ્થાએ પિયત આપવું.<br>→ જુવારનાં પાકને શિયાળામાં ૫ થી ૬ પિયતની જરૂર રહે છે.<br>• પ્રથમ પિયત વાવણી વખતે આપવું ત્યારબાદ બીજુ પિયત એક અઠવાડિયા બાદ આપવુ. આ બંને પિયત હળવા આપવા<br>• બાકીના પિયત ૨૦ થી ૨૪ દિવસનાં અંતરે આપવા.<br>→ દરેક પાકમાં કટોકટીની અવસ્થાની માહિતી અને તે મુજબની કાળજી ખુબજ અગત્યનું પરીબળ છે.<br>→ જુવારના પાકમાં મુખ્યત્વે ત્રણ કટોકટીની અવસ્થાઓ છે<br>(૧) ફુલ ગાંઠ અવસ્થા (૩૨ દિવસ- વાનસ્પતીક વુધ્ધી માંથી રીપ્રોડક્ટીવ વુધ્ધી)<br>આ સમયે છોડને પોષક તત્વો અને પાણી વધારે જરૂરીયાત પડે છે એટલે જો ત્યારે ખેંચ પડે તો કણસલાની સાઈઝ નાની રહે છે અને તેમાં દાણા ની સંખ્યા ઓછી રહેવાથી ઉત્પાદનને માઠી અસર પડે છે<br>(૨) બૂટ અવસ્થા (૬૦ દિવસ- ફ્લેગ લીફ માંથી કણસલુ બહાર નીકળવાનો સમયે)<br>જો આ સમયે ભેજની અછત હોય કે નીંદામણ નાશક દવાથી નુકશાન થાય તો કણસલું પૂરતું બહાર નીકળે નહી અને તેથી પરાગનયન ઓછું થાય અને ઉત્પાદન ઘટે છે.<br>(3) દુધિયા દાણા અવસ્થા (૮૦ દિવસ- દાણા બંધાય)<br>જો આ સમયે ભેજની ખેંચ પડે તો દાણાનો વિકાસ ન થાય અને તે ચીમળાઇ ગયેલા રહેવાથી ઉત્પાદન ઘટે છે. |
| ૧૦. | જુવારના પાકમાં લામ પાક:<br>• લામ પાક લેવા માટે છોડને ૫ થી ૭ સેમી ઉંચાઇએથી કાપીને પિયત આપવુ.<br>• લામ પાકમા એક સરખી ઉમરના પીલા રાખવાથી વધારે ઉત્પાદન મળે છે |
| ૧૧. | જુવારમાં આંતરપાક:<br>• જુવારમાં આંતરપાક તરીકે તુવેરનો પાક ખુબજ અનુકુળ જણાયો છે .જેમાં બે લાઇન જુવાર અને એક લાઇન તુવેરની રાખી ૪૫ સે.મી .ના અંતરે વાવેતર કરી શકાય. |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| ૧૨. | પાક સરંક્ષણઃ- | |
|---|---|---|
| | <u>જીવાત</u> | <u>નિયંત્રણ</u> |
| | સાઠાની માખી<br><br> | • બીજનો દર વધુ) ૧૦ થી ૧૨ કિ.ગ્રા .પ્રતિ હે (. પ્રમાણે રાખવો.<br>• એક કિ.ગ્રા .બીજ દીઠ થાયોમેથોક્ઝામ ૩૦ %એફ . એસ .૩ ગ્રામ અથવા ઈમીડાક્લોરપ્રીડ ૪૮ % એફ.એસ ૧૦ ગ્રામ પ્રમાણે પટ આપવો .<br>• બિયારણને આ માવજત આપી સંગ્રહી રાખવાથી તેની સ્ફુરણશક્તિ ઘટતી હોય છે .આથી બિયારણને વાવતા પહેલા જ માવજત આપવી.<br>• પાક ઉગ્યાના ૭ અને ૧૭ મા દિવસે લીમડાનુ તેલ ૦.૫ %અથવા કરંજનુ તેલ ૦.૫) %૧૦ લિ .પાણીમાં ૫૦ મિલી તેલ + ૩ ગ્રામ ડિટરજંટ પાવડર (પ્રમાણે છંટકાવ કરવો. |
| | ગાભમારાની ઇયળ<br><br> | • જુવારનો પાક લેતા પહેલા આગળના પાકના જડ , મુળ અને થડ વગેરે અવશેષો વીણી લઈ તેનો નાશ કરવો અને ખેતર સ્વચ્છ બનાવવું.<br>• એક કિ.ગ્રા .બીજ દીઠ થાયોમેથોક્ઝામ ૩૦ %એફ . એસ .૩ ગ્રામ પ્રમાણે બીજ માવજત આપવી.<br>• પાક ઉગાવાના ત્રીસ દીવસ બાદ આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો કોઇપણ ૧૫૦૦ પીપીએમ લિમડાયુક્ત દવા ૧૦ લીટર પાણીમાં ૩૫ મિલી પ્રમાણે છંટકાવ કરવો.<br>• વાવણી બાદ ઉભાપાકમાં ૭ ,૧૪ ,અને ૨૧ માં દિવસે પ્રતિ હેક્ટર ૫ લાખ જેટલી ટ્રાઈકોગ્રામા ભમરી છોડવી. |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | | |
|---|---|---|
| | ફોલ આર્મીવોર્મ<br><br> | • પાક કાપી લીધા બાદ જડીયાં અને કચરો દુર કરી ખેતર ચોખ્ખુ કરવુ.<br>• નર અને માદા કુદાઓ પ્રકાશ તરફ આકર્ષિત થતા હોવાથી પ્રતિ હેકટરે એક પ્રમાણે પ્રકાશ પિંજર ગોઠવવા .<br>• ફોલ આર્મીવોર્મના ફેરોમોન ટ્રેપ પ્રતિ હેકટરે ૧૦ થી ૧૨ મુજબ ગોઠવવા.<br>• પાકની શરૂઆતની અવસ્થામાં ૨ થી ૩ અઠવાડિયા સુધી આ જીવાતથી પાકને રક્ષણ આપવા માટે એક કિલોગ્રામ બીજ દીઠ ૬ મીલી સાયએન્ટ્રાનીલીપ્રોલ ૧૯.૮ ટકા + થાયોમેથોકઝામ ૧૯.૮ ટકા એફ.એસ . દવાથી બીજ માવજત આપ્યા બાદ જ વાવણી કરવી જોઈએ .<br>• ઉપદ્રવની શરૂઆતમાં બેસિલસ યુરીન્ઝીન્સીસનો પાઉડર ૨૦ ગ્રામ અથવા બ્યુરીયા બેસીયાના નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ અથવા ન્યુમેરીયા રીલી નામની ફૂગનો પાઉડર ૩૦ ગ્રામ અથવા લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ) ૫ %અર્ક (૧૦ લિટર પાણીમાં ઉમેરી છોડની ભૂંગળી ભીજાય તે રીતે છંટકાવ કરવો.<br>• પાકમાં આ જીવાંતનો ઉપદ્રવ જોવા મળે તો ક્લોરેન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસસી ૪ મીલી દવા અથવા થાયોમેથોકઝામ ૧૨.૬ + લેમડાસાયહેલોથ્રીન ૯.૫ ઝેડસી ૨.૫ મીલી દવા અથવા સ્પિનેટોરામ ૧૧.૭ એસસી ૫ મીલી દવા અથવા એમામેકટીન બેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ દવા માથી કોઇપણ દાવાનો પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | | |
|---|---|---|
| | કણસલાની ઇયળ<br> | • આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે ત્યારે એચએનપીવી જૈવિક દવાનો ૨૫૦ એલઈ પ્રતિ હેક્ટર પ્રમાણે બે છંટકાવ કરવા .પ્રથમ છંટકાવ ફુલ અવસ્થાએ જ્યારે બીજો છંટકાવ દાણા ભરવાની અવસ્થાએ કરવો.<br>• વાવણી બાદ ઉભાપાકમાં ૭ ,૧૪ ,અને ૨૧ માં દિવસે પ્રતિ હેક્ટર ૫ લાખ જેટલી ટ્રાઈકોગ્રામા ભમરી છોડવી. |
| | મીંજ  | • જો ફુલ અવસ્થાએ આ જીવાતનો ઉપદ્રવ જણાય તો ત્યારે ડાઇઅમેથોએટ ૩૦% દવાનો ૧૦ લીટર પાણીમાં ૧૬ મી.લી. પ્રમાણે છંટકાવ કરવો. |
| | <u>રોગ</u> | <u>નિયંત્રણ</u> |
| | દાણાની ફુગ<br> | • આ રોગના નિયંત્રણ માટે વાવણી પહેલા બીજને અડધા કલાક ગરમ પાણીમા ડુબાડી રાખવાથી ફુગનો નાશ થશે અને રોગીષ્ટ દાણા ઉપર તરવા લાગશે જેને દુર કરવા<br>• એકમ વિસ્તાર દીઠ છોડની સંખ્યા જાળવવી.<br>• પરિપક્વ અવસ્થાએ પાકની કાપણી કરવી. |
| | જુવારનો મધિયો<br> | • તંદુરસ્ત બીજનો વાવણી માટે ઉપયોગ કરવો.<br>• આ રોગના નિયંત્રણ માટે બીજને ૫ ટકા મીઠાના દ્રાવણમા અડધા કલાક માટે ડુબાડી રાખવા અને ઉપર તરવા લાગેલ રોગીષ્ટ દાણાને વીણી લઇ નાશ કરવો. |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭

| | | |
|---|---|---|
| | પર્ણના રોગ  | • કાપણી પછી અવશેષોનો નાશ કરવો .ઉંડી ખેડ અને પાકની ફેર બદલી કરવી.<br>• રોગ મુક્ત અને રોગ પ્રતિકારક જાતો વાવવી.<br>• રોગનો ઉપદ્રવ જણાય ત્યારે મેન્કોઝેબ ૭૫ % અથવા ઝીનેબ ૭૫ %દવાનો ૧૫ ગ્રામ પ્રતિ ૧૦ લિ .પાણીમાં નાખી છંટકાવ કરવો. |
| | કાજલસડો  | • નાઈટ્રોજન ખાતરનો ભલામણ પ્રમાણે ઉપયોગ કરવો .<br>• જુવારમાં કાજલ સડાનો ઉપદ્રવ થતો હોય તેવા વિસ્તારોમાં ઓગસ્ટનાં પ્રથમ અઠવાડીયામાં વાવણી કરવી અથવા જુવારની વાવણી વખતે ચાસમાં ૨૦ કિ.ગ્રા .છાણીયા ખાતરમાં ૧ કિ.ગ્રા . ટ્રાઇકોડર્મા પાવડર ભેળવી છંટકાવ કરવો . |
| ૧૨. | કાપણી તેમજ ઉત્પાદન:<br>• જો પરિપકવતા વખતે સમયસર કાપણી કરવામાં આવેતો ૧૦ થી ૧૫ ટકા વધુ ઉત્પાદન મળે છે.<br>• દાણાના નીચેના ભાગે કાળું ટપકું દેખાય ત્યારે, દેહધાર્મિક પરીપકવતા આવી ગણાય અને તે વખતે દાણાનો વિકાસ પૂર્ણ થઈ ગયેલ હોય અને તેમાં 30 થી ૩૫ % ભેજ હોય છે.<br>• દાણામાં ૨૦ થી ૨૫ ભેજા હોય ત્યારે લણણી કરી લેવી અને ત્યાર બાદ દાણા ને સૂકવી અને ૧૦ % ભેજા રહે પછી સંગ્રહ કરી સકાય.<br>• જો દાણાની જુવારની વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવામા આવે તો દાણાનુ 3000 થી ૪૦૦૦ કિલો અને સુકી કડબનુ ૧૦૦૦૦ થી ૧૨૦૦૦ કિલો હેકટર દીઠ ઉત્પાદન મળે છે. | |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | |
|---|---|
| ૧૩. | **જુવારનું આર્થિક રીતે વધુ ઉત્પાદન મેળવવા માટેના ચાવીરૂપ મુદ્દાઓ**<br>• પાકની સમસર વાવણી કરવી.<br>• બે લાઈન તથા દરેક લાઇનમા બે છોડ વચ્ચે ભલામણ મુજબ અંતર રાખી એકમ દીઠ છોડની સંખ્યા જાળવવી<br>• રાસાયણિક ખાતરનો ભલામણ મુજબ ઉપયોગ કરવો<br>• જો ચોમાસમાં પાછલા વરસાદની ખેચ હોય તો કટોકટી અવસ્થા જેવી કે ફુલ ગાંઠ અવસ્થા , તેમજ ડુંડા નિકળવાના સમયે અને દાણા બંધાય ત્યારે પિયત આપવું.<br>• જમીનમાં તિરાડો અટકાવવા આંતરખેડ કરવી .<br>• વિસ્તારને અનુકૂળ સારી સુધારેલી જાતોનું વાવેતર માટે પસંદગી કરવી .<br>• પાક નિંદામણ મુક્ત રાખવો .<br>• સજીવ તેમજ સેન્દ્રીય ખાતરોનો પુરતો ઉપયોગ કરવો .<br>• સમયસર પાક સંરક્ષણના પગલાં લેવા .<br>• દાણા ભરાવાની અવસ્થાએ પક્ષીઓથી રક્ષણ આપવુ ખાસ જરુરી છે. |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

## ::ઘાસચારાની જુવારની ખેતિ પધ્ધતિ::

ડૉ. બી. કે. દાવડા, પ્રો. એ. આર. પટેલ, પ્રો. એન. વી. રાદડીયા, ડૉ. એચ. એન. ડેર,
ડૉ. ટી. વી. ઘેવરીયા, પ્રો. કે. જી. કંજારીયા અને શ્રી એ. ડી. વર્મા
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, અઠવા ફાર્મ, સુરત

| | | | |
|---|---|---|---|
| ૧. | જમીનની તૈયારી | : | • એક વખત હળ ખેડ અને બે વખત કરબડીથી ખેડીને જમીનને ૧૫ સે.મી .સુધી ભરભરી બનાવી અને ત્યારબાદ સમારથી સમતળ કરવી.<br>• જમીન તૈયાર કરતી વખતે સારૂ કોહવાયેલુ છાણિયુ ખાતર, બાયો કમ્પોસ્ટ અથવા વર્મી કમ્પોસ્ટ આપવાથી જમીનની ફળદ્રુપતામાં વધારો કરી વધુ ઉત્પાદન મેળવી શકાય.<br>• ખરીફ ઋતુમા વાવણી મોડી થવાના સંજોગોમાં ખેતર નિંદામણ મુક્ત રાખવા ,કરબથી ખેડ કરવી. |
| ૨. | જાતની પસંદગી | : | • એકવાઢ માટે:- સીએસવી-૨૧ એફ, જીએફએસ-૬ અને સીએસવી-૪૬ એફ(તાપીચારી)<br>• બહુવાઢ માટે:- સી.એસ.વી.૩૩ એમએફ અને સી.એસ.એચ.૨૪ એમ.એફ. |
| ૩. | વાવણીનો સમય | : | • ત્રણેય ઋતુમાં વાવેતર કરી શકાય છે. |
| ૪. | બિયારણનો દર | : | • બિયારણનો દર ૪૦ થી ૫૦ કિ.ગ્રા .પ્રતિ હેક્ટર પ્રમાણે રાખવો.<br>• બીજ ઉત્પાદન માટે બિયારણનો દર ૮ થી ૧૦ કિ.ગ્રા .પ્રતિ,હેક્ટર પ્રમાણે રાખવો તથા દાણાની જુવારની જેમ ખેતી પધ્ધતી અપનાવવી. |
| ૫. | બિયારણની માવજત | : | • બીજને વાવતા પહેલા થાયોમિથોક્ઝામ ૩૦% દવા ૩ ગ્રામ પ્રતિ ૧ કિલો બીજ પ્રમાણે પટ આપવો. |
| ૬. | વાવણી અંતર | : | • બે હાર વચ્ચે ૨૫ થી ૩૦ સે.મી .અંતર રાખવુ.<br>• બીજ ઉત્પાદન માટે વાવેતરનુ અંતર બે હાર વચ્ચે ૪૫ સે.મી .અને બે છોડ વચ્ચે ૧૫ સે.મી .અંતર રાખવું. |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | | | |
|---|---|---|---|
| ૭. | ખાતર | : | → જૈવીક ખાતરોનો બીજ ને પટ આપીને વાવેતર કરવાથી ખાતરની જરૂરીયાત ઘટાડી શકાય<br>→ જમીન તૈયાર કરતી વખતે સારૂ કોહવાયેલુ છાણિયુ ખાતર, બાયો કમ્પોસ્ટ અથવા વર્મી કમ્પોસ્ટ આપવાથી જમીનની ફળદ્રુપતામાં વધારો કરી વધુ ઉત્પાદન મેળવી શકાય<br>→ રાસાયણીક ખાતર:<br>• ઘાસચારાની જુવારમાં એક હેક્ટરે કુલ ૧૨૦ કિલોગ્રામ નાઇટ્રોજન અને ૬૦ કિલોગ્રામ ફોસ્ફરસ સક્રિય તત્વ આપવાની ભલામણ છે .<br>• જેમાથી ૬૦ કિલોગ્રામ ફોસ્ફરસ અને ૬૦ કિલોગ્રામ નાઇટ્રોજન પાયાના ખાતર તરીકે વાવણી માટે જમીન તૈયાર કરતી વખતે આપવુ.<br>• બાકી રહેલ ૬૦ કિલોગ્રામ નાઇટ્રોજન પાક 30 દિવસનો થાય એટલે કે ફૂલ ગાંઠ અવસ્થાએ જમીનમા ભેજ હોય ત્યારે પુર્તિ ખાતર તરીકે આપવુ જોઇએ.<br>• આમ છતા જમીનનુ પૃથ્થકરણ કરાવીને જરુરીયાત મુજબ ખાતર આપવામા આવેતો વધારે આર્થિક ફાયદો મળે છે. |
| ૮. | નિંદામણ અને આંતરખેડ | : | • જુવારના વાવેતર બાદ ૨૫ અને ૫૦ દિવસે હાથથી નિંદામણ કરવુ તથા જમીનમાં વરાપની પરિસ્થિતિ આવે ત્યારે એક આંતરખેડ કરવી.<br>• જુવારનાં પાકને ૪૫-૫૦ દિવસ સુધી નિંદામણ મુક્ત રાખવો જરૂરી છે. |
| ૯. | પિયત | : | • ચોમાસુ ઋતુ માટે સામાન્ય રીતે પિયતની જરૂરીયાત રહેતી નથી પરંતુ જો ચોમાસમાં વરસાદની ખેંચ હોય તો કટોકટી અવસ્થાએ પિયત આપવું.<br>• જ્યારે અન્ય ઋતુમાં પાકને જરૂરીયાત મુજબ ૧૦ થી ૧૫ દિવસના અંતરે જમીનની પ્રત મુજબ પિયતની જરૂર રહે છે . |
| ૧૦. | એકથી વધુ કાપણી માટે | : | • પાકને જમીનથી ૫ થી ૭ સે.મી. ઊંચાઈએથી કાપી પિયત આપવું. પ્રથમ કાપણી ૭૦-૭૫ દિવસે ફૂલ આવ્યા પછી જ કરવી જોઈએ. બીજા અને ત્રીજા વાઢમાં પણ ફૂલ આવ્યા પછી જ કાપણી કરવી. કુમળા છોડમાં ફૂલ આવ્યા પહેલા ઝેરનું પ્રમાણ વધુ હોય છે, જેથી પશુઓને લીલો ચારો નિરવો નહીં. |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| ૧૧. | પાક સંરક્ષણ: | |
|---|---|---|
| | જીવાત | નિયંત્રણ |
| | સાંઠાની માખી   | • બીજનો દર વધુ રાખવો.<br>• એક કિ.ગ્રા .બીજ દીઠ થાયોમેથોક્ઝામ ૩૦ %એફ .એસ .૩ ગ્રામ અથવા ઈમીડાક્લોરપ્રીડ ૪૮ %એફ.એસ ૧૦ ગ્રામ પ્રમાણે પટ આપવો .<br>• બિયારણને આ માવજત આપી સંગ્રહી રાખવાથી તેની સ્ફુરણશક્તિ ઘટતી હોય છે .આથી બિયારણને વાવતા પહેલા જ માવજત આપવી.<br>• પાક ઉગ્યાના ૭ અને ૧૭ મા દિવસે લીમડાનુ તેલ ૦.૫ % અથવા કરંજનુ તેલ ૦.૫) %૧૦ લિ .પાણીમાં ૫૦ મિલી તેલ +૩ ગ્રામ ડિટરજંટ પાવડર (પ્રમાણે છંટકાવ કરવો. |
| | ગાભમારાની ઇયળ   | • જુવારનો પાક લેતા પહેલા આગળના પાકના જડ ,મુળ અને થડ વગેરે અવશેષો વીણી લઈ તેનો નાશ કરવો અને ખેતર સ્વચ્છ બનાવવું.<br>• એક કિ.ગ્રા .બીજ દીઠ થાયોમેથોક્ઝામ ૩૦ %એફ .એસ .૩ ગ્રામ પ્રમાણે બીજ માવજત આપવી.<br>• પાક ઉગાવાના ત્રીસ દીવસ બાદ આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો કોઇપણ ૧૫૦૦ પીપીએમ લિમડાયુક્ત દવા ૧૦ લીટર પાણીમાં ૩૫ મિલી પ્રમાણે છંટકાવ કરવો.<br>• વાવણી બાદ ઉભાપાકમાં ૭ ,૧૪ ,અને ૨૧ માં દિવસે પ્રતિ હેક્ટર ૫ લાખ જેટલી ટ્રાઈકોગ્રામા ભમરી છોડવી. |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | | |
|---|---|---|
| | ફોલ આર્મીવોર્મ<br><br> | • નર અને માદા ફુદાઓ પ્રકાશ તરફ આકર્ષિત થતા હોવાથી પ્રતિ હેકટરે એક પ્રમાણે પ્રકાશ પિંજર ગોઠવવા.<br>• ફોલ આર્મીવોર્મના ફેરોમોન ટ્રેપ પ્રતિ હેકટરે ૧૦ થી ૧૨ મુજબ ગોઠવવાથી જીવાતના ઉપદ્રવની જાણકારી મળી રહે છે.<br>• પાકની શરૂઆતની અવસ્થામાં ૨ થી ૩ અઠવાડિયા સુધી આ જીવાતથી પાકને રક્ષણ આપવા માટે એક કિલોગ્રામ બીજ દીઠ ૬ મીલી સાયએન્ટ્રાનીલીપ્રોલ ૧૯.૮ ટકા + થાયોમેથોકઝામ ૧૯.૮ ટકા એફએસ દવાથી બીજ માવજત આપ્યા બાદ જ વાવણી કરવી જોઈએ.<br>• ઉપદ્રવની શરૂઆતમાં બેસિલસ યુરીન્ઝીન્સીસનો પાઉડર ૨૦ ગ્રામ અથવા બ્યુરીયા બેસીયાના નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ અથવા ન્યુમેરીયા રીલી નામની ફૂગનો પાઉડર 30 ગ્રામ અથવા લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ ૫ % અર્ક (૧૦ લિટર પાણીમાં ઉમેરી છોડની ભૂંગળી ભીજાય તે રીતે છંટકાવ કરવો.<br>• લીમડા આધારિત તૈયાર કીટનાશક ૪૦ મિ.લિ .૧૦ લિટર પાણીમાં ઉમેરી છોડની ભૂંગળી ભીજાય તે રીતે છંટકાવ કરવો.<br>• પાકમાં આ જીવાંતનો ઉપદ્રવ જોવા મળે તો ક્લોરેન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસસી ૪ મીલી દવા અથવા થાયોમેથોક્ઝામ ૧૨.૬ + લેમડાસાયહેલોથ્રીન ૯.૫ ઝેડસી ૨.૫ મીલી દવા અથવા સ્પિનેટોરામ ૧૧.૭ એસસી ૫ મીલી દવા અથવા એમામેકટીન બેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ દવા માથી કોઇપણ દાવાનો પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |

સંશોધન વૈજ્ઞાનિક (જુવાર)
મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત-૭.

| | રોગ | નિયંત્રણ |
|---|---|---|
| | પર્ણના રોગ<br> | • કાપણી પછી અવશેષોનો નાશ કરવો .ઉંડી ખેડ અને પાકની ફેર બદલી કરવી.<br>• રોગ મુક્ત અને રોગ પ્રતિકારક જાતો વાવવી.<br>• રોગનો ઉપદ્રવ જણાય ત્યારે મેન્કોઝેબ ૭૫ %અથવા ઝીનેબ ૭૫ %દવાનો ૧૫ ગ્રામ પ્રતિ ૧૦ લિ .પાણીમાં નાખી છંટકાવ કરવો. |
| ૧૨. | કાપણી તેમજ ઉત્પાદન: | • પાકમાં ૫૦ %ફુલ આવ્યા બાદ કાપણી કરવી.<br>• વૈજ્ઞાનિક ખેતી અપનાવવામાં આવે તો ૩૦૦૦૦-૩૫૦૦૦ કિલો લીલી કડબનું અને ૧૨૦૦૦-૧૩૦૦૦ કિલો સુકી કડબનું ઉત્પાદન પ્રતિ હેક્ટરે મળે છે. |
